
# લીંચગામ બન્યું તીર્થધામ



આંબા નીચે શ્રી બચુભાઈના માતા શાંતાબા અને પિતા કૃપાશંકરદાદા સાથે પ.પૂ.બાપજી, ૧૪ જાન્યુઆરી,૧૯૬૫, અવધૂત કુટિર, લીંચ.

અવધૂત કુટિર, લીંચ.

ગુરુસેવા જેવું ત્રિભુવનમહીં સાધન નથી,
ગુરુસેવા જેવું પ્રગટ પ્રભુ આરાધન નથી,
ગુરુસેવા જેવું ફલદ વ્રત ઉદ્યાપન નથી,
ગુરુસેવા જેવું ઈતર હૃદયાશ્વાસન નથી.

***

તીર્થીકરોતિ ચરણસ્તવ તત્ સમગ્રં
નીરાદિ યત્ સ્પૃશતિ તે ચરણારવિન્દમ્ ।
તસ્માદયં સુરનદી-નદ-સિન્ધુ-સંઘઃ
સ્પૃષ્ટસ્ત્વયા ભવતુ ભૂતલ-તીર્થરાજઃ ॥

## :અર્થ:

તારાં ચરણકમળ જે જલ વગેરેને સ્પર્શે છે તે બધું તારા પાવન ચરણથી તીર્થરૂપ બની જાય છે. માટે હે પ્યારા રંગ પ્રભુ! આ સ્વર્ગંગા, મોટી નદીઓ, સમુદ્ર વગેરે જલાશયોનો સમૂહ તારો સ્પર્શ મેળવીને પૃથ્વી પર તીર્થરાજ બની રહો.

**મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ**
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

**ગ્રાફિક્સ : શ્રી હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાય**
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ- ૩૮૮ ૦૦૧.
(મો.) ૯૮૨૫૨ ૯૪૦૦૪

**આવૃત્તિ : પ્રથમ**
માગસર સુદ પૂનમ, સં. ૨૦૬૮
શનિવાર, તા. ૧૦-૧૨-૨૦૧૧.

**દત્તજયંતી**

**પ્રત : ૧૦૦૦**

**મૂલ્ય : રંગભક્તિ**

# નિવેદન

સમર્થ સંતના ચરણો જે ભૂમિ પર પડે છે તે ભૂમિ તીર્થ બની જાય છે એ વાતનો લીંચ એ પ્રત્યક્ષ પુરાવો છે.

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાનું નાનું એવું લીંચ ગામ પ.પૂ. સદ્‌ગુરુ ભગવાન રંગ અવધૂતજીના મુકામને કારણે તીર્થધામ બની ગયું.

પ.પૂ.બાપજીનો સૌ પ્રથમ મુકામ સને ૧૯૫૭ એટલે કે સંવત ૨૦૧૪ માં ભોગીલાલભાઈ રાવળના ખેતરમાં થયો અને ત્યાર પછીના ત્રણ મુકામો અનુક્રમે સને ૧૯૬૨, ૧૯૬૫ અને ૧૯૬૭માં અવધૂત કુટિર, લીંચમાં થયો. "આ ધરતી દિવ્ય છે અને દિવ્યોત્તમ થશે" એવી પૂ.શ્રીની આશીર્વાદયુક્ત વાણી પાછળનો મર્મ જાણવા મળે એ હેતુથી આ પુસ્તિકા પ્રકાશિત કરવાનો વિચાર આવ્યો.

આ કુટિરમાં સૌ પ્રથમ ચરણારવિંદ પધરાવવાના સમયને પચાસ (૫૦) વર્ષ પૂરા થતા હોવાથી સુવર્ણ જયંતી વર્ષની સ્મૃતિમાં થતું આ પ્રકાશન બધાને ગમશે એવી શ્રદ્ધા છે.

ગુરુમહારાજના બધા પર આશીર્વાદ ઉતરો.

લિ.
લીંચગામ પરિવાર

ગુરુર્મે સર્વસ્વં ગુરુમિહ ભજે તેન ગુરુણા
સદા સખ્યં મે સ્યાત્ પરમપિ નમો મેઽસ્તુ ગુરવે ।
ગુરોસ્તત્ત્વં નાન્યદ્ ભવભયહરં નામ ચ ગુરો-
ર્ગુરૌ ચિત્તં મે દ્રાગ્ વિશતુ હ્યભયં મે કુરુ ગુરો ॥

## અર્થ

ગુરુ મારું સર્વસ્વ છે. અહીં ગુરુને હું ભજું છું. તે ગુરુ સાથે મારું સદા પરમ સખ્ય થાઓ. તે ગુરુને મારા નમસ્કાર હો! ગુરુથી બીજું કોઈ તત્ત્વ નથી. ગુરુનું નામ ભવના ભયને હરનારું છે. મારું ચિત્ત ગુરુમાં એકદમ પ્રવેશો. હે ગુરુ! મને અભય આપો.

[આ શ્લોકમાં ગુરુની પ્રથમાથી સંબોધન સુધીની આઠે વિભક્તિનો ઉપયોગ થયો છે. ગુરુઃ, ગુરુમ્, ગુરુણા, ગુરવે, ગુરોઃ, ગુરોઃ, ગુરૌ અને ગુરો.]

❀

લખ્યા લલાટે લેખ જે, ભલે હોય વિપરીત,
ગુર્વાંઘ્રિં સ્પર્શે નકી થાય શુભદ આ રીત.



પતંગ ચગાવતા પ.પૂ.શ્રી બાપજી અને ફીરકી પકડેલ
શ્રી બચુભાઈ, લીંચ, ૧૪ જાન્યુઆરી,૧૯૬૫

શ્રીગુરુવાસો જ્યાં તિહાં કામધેનુ પ્રત્યક્ષ,
સર્વ નિધિ, તીર્થો, સુરો, ભક્ત નિહાળે અક્ષ.



પાદુકાપૂજન, અવધૂત કુટિર, લીંચ.

ૐ

ભગવત્ સ્વરૂપ પ.પૂ. રંગ બાપજી લીંચની જે ધરતી પર આવીને રહ્યા અને પ્રસન્ન થયા તે ધરતી- અવધૂત કુટિરની જગ્યા- કેવી દિવ્ય છે તેની માહિતી આ પ્રમાણે છે:

ઉત્તર ગુજરાત જીલ્લો અને તાલુકો મહેસાણા. આ મહેસાણાના લીંચ ગામમાં બ્રાહ્મણોના કુલ્લે ત્રણ મહોલ્લા હતા. તેમાં બે મહોલ્લા રાવલનાં ને એક વ્યાસનો હતો. પરંતુ હાલ બે રાવલના મહોલ્લા છે. તે વખતે વ્યાસ અને રાવલ મહોલ્લાની વચ્ચે એક માત્ર દિવાલ હતી. આ દિવાલની વચ્ચે અવર જવર માટે મોટી બારી હતી. રાવલ કુટુંબના છ ઘર હતાં અને વ્યાસ કુટુંબના ચાર ઘર હતાં. બીજી છૂટી જમીન હતી.

વ્યાસ કુટુંબમાં નાગરદાસ નામે એક ભાઈ રહે. તેમને પાંચ પુત્રો હતા. વળી હરિભાઈ જેઠાલાલ વ્યાસ નામે તેમના કાકાના દીકરા હતા. પાંચ ભાઈઓમાં એક ભાઈને પાંચ દીકરીઓ હતી. બાકીના ચાર ભાઈઓને કોઈ સંતાન જ ન હતું. આમ પાંચ ભાઈઓના કુટુંબમાં દીકરો તો હતો જ નહિ. હરિભાઈને પણ કાંઈ સંતાન ન હતું. આ પાંચ ભાઈઓ પૈકી એક ભૂરાશંકર હતા. તેઓ પરણેલા હતા. તેમની પત્નીનું નામ મેનાબા હતું. મેનાબાનું પિયર વસઈ જાની કુટુંબમાં હતું. બીજા ભાઈ મોહનલાલ હતા. તેમનું લગ્ન મણિબા સાથે થયું હતું. તેઓ પેથાપુર પંડ્યા કુટુંબમાં પરણ્યા હતા. બંને

ભાઈઓને સંતાન ન હતું. બીજા બે ભાઈઓના લગ્ન થયાં હતાં પણ તેમને પણ સંતાન ન હતું. પાંચ ભાઈઓ પૈકી મોટા ભાઈને પાંચ દીકરીઓ હતી પણ દીકરો ન હતો. આમ સમગ્ર કુટુંબમાં એક જ ભાઈને ત્યાં સંતાન અને સંતાનમાં પણ દીકરીઓ જ હતી.

આ પાંચે દીકરીઓને પરણાવી દીધી હતી. એક દીકરીને પાનસર જોષી કુટુંબમાં પરણાવેલી. બીજી દીકરી જડીબેનને મોખાસણ અમથારામ પંડ્યાને ત્યાં પરણાવેલી. ત્રીજી દીકરી ગોઝારીયા રાવલ ગૂગળી કુટુંબને ત્યાં પરણાવેલા. અને ચોથી તેમજ પાંચમી દીકરીને પાંચોટમાં અનુક્રમે પંડ્યા અને જાની કુટુંબમાં પરણાવેલી.

આ હરિભાઈ વ્યાસ તેમના મામાને ત્યાંથી મેલીવિદ્યા જાણી લાવેલા. આ વિદ્યા મામા કામરૂ દેશથી લાવેલા. હરિભાઈએ આ મેલીવિદ્યા સાધેલી. આ વિદ્યા એવી ખરાબ અને ચમત્કારી હતી કે હરિભાઈ કોઈ પણ માણસને મૂઠમારીને મારી નાખી શકતા, કોઈના પણ ઘરમાંથી ગમે તે વસ્તુ લાવી શકતા. આ વિદ્યાના જોરે કોઈની ભેંસને ઘેર બેઠાં બેઠાં આંચળમાંથી દૂધને બદલે લોહી નીકળે પછી એના ઘરે જઈને ભેંસની પીઠ પર હાથ ફેરવે એટલે તરત જ દૂધ આવે. તમે જે સ્થિતિમાં બેઠા હોવ તે જ સ્થિતિમાં તમને સ્થિર કરી દે તેવી વિદ્યા પણ હતી. ખેતરમાં બેસીને ગામમાં ગમે તેને ચોંટાડી દેતા અને એવો ચોંટાડી દેતા કે પેલો ખસી જ ન

શકે. આને કારણે નાયકો બીકના માર્યા હરિલાલના ઘરેથી ઘૂઘરા બાંધીને ગામમાં ભવાઈ કરતા.

એક વખત કોઇ ઇલમીએ નાયકોને કહ્યું કે આપણે બ્રાહ્મણના ઘરેથી શા માટે ઘૂઘરા બાંધવા જોઇએ? તે બ્રાહ્મણનું શું ગજું? ચાલો હું આવું છું. તેનાથી કંઇ પણ થઇ શકશે નહિ. ઇલમી નાયકોની જોડે આવ્યો. નાયકો આજે ઘૂઘરાં બાંધવા હરિભાઈને ત્યાં ગયા નહિ. હરિભાઈ એરૂ નામના ખેતરમાં હતા. ત્યાં એમણે જુવાર સાચવવાની હતી. સાંજે જમવા ઘરે આવ્યા. તો તેમના પત્નીએ કહ્યું કે આજે નાયકો ઘૂઘરા બાંધવા આવ્યા નથી. હરિભાઇ બીજું કશું બોલ્યા નહિ. માત્ર એટલું જ બોલ્યા કે કંઇ નહીં, જેવી તેમની મરજી.

આ નાયકો એટલે નાટક, રામલીલા, ભવાઇ વગેરે કરનારી કોમ.

રાત્રે હરિભાઈ ખેતરે પાછા આવ્યા. એરૂ નામના ખેતરમાં જુવાર વાવેલી. આ જુવાર સાચવવા વચ્ચે ઊંચો માળો બાંધેલો જેથી તેના પર બેસાય અને સૂઈ પણ શકાય. માળા પર બેઠા બેઠા આખું ખેતર જોઇ શકાય અને સાચવી શકાય.

રાત્રે હરિભાઈ માળા પર આવીને બેઠા હતા અને આ બાજુએ નાયકોએ ભવાઈની શરૂઆત કરી. ભૂંગોળ, નરઘાં, કાંસાજોડ વિગેરેના અવાજ શરૂ થયા. પહેલો ગણપતિનો વેશ

લઈને એક ભાઇ આવે અને એ પૂરું થાય પછી જે નાટક ભજવવાનું હોય તેની શરૂઆત થાય.

ઊંચા માળા પર બેઠેલા હરિભાઈએ બેઠા બેઠા ગામમાંથી આવતો અવાજ સાંભળ્યો. અવાજ સાંભળતાની સાથે જ માળા ઉપરથી નીચે ઉતર્યા. જુવારનો એક સાંઠો કાપીને ચાર ટુકડા કર્યા. મંત્ર બોલીને એ ચાર ટુકડા તેમની આજુબાજુ જમીનમાં ઊભા કર્યા. જેવા ચાર ટુકડા જમીનમાં ઊભા કર્યા તેવા જ ગામમાં ગણપતિનો વેશ ભજવનારો ગણપતિના વેશમાં જેવો ઊભો હતો તે જ સ્થિતિમાં ત્યાં ને ત્યાં જ ચોંટી ગયો. ભૂંગોળ વગાડનાર, નરઘા અને કાંસાજોડવાળાં દરેક જે સ્થિતિમાં હતા તે જ સ્થિતિમાં તેમના તેમ ચોંટી ગયા. પેલા ઇલમીએ થાય તેટલી વિધિ કરી, ધમપછાડા કર્યા પણ કાંઇ વળ્યું નહીં.

બધા ગભરાયા. બાકીના નાયકો અને ગામના આગેવાનો હરિભાઈના ઘરે ગયા. ઘરે જઈ હરિભાઈની પત્નીને પૂછ્યું તો એણે કહ્યું કે એ તો એરૂ (નામના) ખેતરમાં જુવાર સાચવવા ગયા છે. બધા ત્યાં ગયા અને જોયું તો હરિભાઈ માળાની નીચે પલાંઠી વાળીને બેઠા હતા. ગામના આગેવાનો અને નાયકો ખૂબ જ કરગરી પડ્યા, માફી માગી. બધાએ માફી માગી એટલે હરિભાઈએ કહ્યું કે ભાઈ! તમારે ઘૂઘરો નો'તો બાંધવો તો મને પૂછીને કર્યું હોત તો હું તમને રજા આપત પરંતુ તમે મારી સામે પડ્યા એટલે મારે તમને આટલી

શિખામણ આપવી પડી. હવે તમે તમારી મેળે જાઓ. તમે ગામમાં પહોંચશો ત્યારે એ વખતે હું છૂટું કરી દઈશ. પેલી બાજુ પેલા લોકો ગામમાં પહોંચ્યા હશે અને આ બાજુ હરિભાઈએ જુવારના સાંઠાના ચારે ટુકડા જે જમીનમાં ઊભા કર્યા હતા તે કાઢી નાંખ્યા. ટુકડા કાઢી નાંખતાની વારમાં જ ખેલ શરૂ થઇ ગયો.

બીજે દિવસે સાંજે હરિભાઈએ બધા નાયકોને જમવાનું આમંત્રણ આપ્યું અને જમાડ્યા. પોતાની એંશી રૂપિયાની કિંમત (રૂ.૮૦)ની ભેંસ તેઓને બક્ષીસમાં આપીને કહ્યું કે જાઓ. હવે તમારે જ્યાંથી ઘૂઘરો બાંધવો હોય ત્યાંથી બાંધજો. હરિભાઈ આવા ઈલમી હતા. તેમના હાથે બે ખૂન થયેલા. મૂઠ મારીને એમણે એ બે ખૂન કરેલાં. આવાં દુષ્કર્મો કરવાથી છેવટે આંખે આંધળા થયા, કીડા પડ્યા ને છેવટે મરી ગયા. માટે કોઈએ આવી મેલીવિદ્યા શીખવી નહિ. જેનાથી સમાજને નુકસાન થતું હોય એવી વિદ્યા શીખવી નહિ કે તેને અજમાવવી નહિ.

બચુભાઈ (હાલના શ્રી પ્રેમ અવધૂતજી)ના બાપુજી કૃપાશંકરે તેમની આ લીલા નજરે જોએલી. તેઓ આના સાક્ષી હતા.

બચુભાઈ (હાલના શ્રી પ્રેમ અવધૂતજી)ના બાપુજીએ આ બધા પુસ્તકો વાંચીને પછી તેના કાગળ પલાળીને ઘરમાં વાપરવા એ જમાનામાં બનાવાતા તબડકા જેવા દોડિયા અને

સૂપડાં બનાવ્યા. આ પુસ્તકોમાંથી લોકોના ઉપયોગમાં આવે એવા ફક્ત ત્રણ મંત્રો લીધા. આ મંત્રો લોકોના કામમાં આવે, એમનું કામ થાય એવા હતા અને એ મંત્રનો ઉપયોગ કરવાનો એક પૈસો લેવો નહિ એવો નિયમ કરેલો. ફક્ત સમાજસેવા થઇ શકે એ હેતુથી એ મંત્રો શીખ્યા.

આ ત્રણ મંત્રો પૈકીનો એક મંત્ર ઢોરનો ગેસ (મેણો) ઉતારવાનો હતો. બકરાં, ગાય, બળદ વિગેરે કાચી જુવાર ખાય તો પેટમાં ગેસ થાય, પેટ ફૂલી જાય અને મરી જાય એ જમાનામાં એને ગેસ કે મેણો કહેતા. રબારી બે-ચાર દિવસે ઘરે બાપુજી પાસે આવીને પાણી મંત્રાવી જતા. આ મંત્રેલું પાણી રબારી ગાય કે બળદ પર છાંટતા. એટલે તેનો ગેસ (મેણો) ઉતરી જતો. ગાય, ભેંસ કે બળદ જીવી જતા. બચુભાઇ (હાલના શ્રી પ્રેમ અવધૂતજી)ના પિતાશ્રી કૃપાશંકરે આ રીતે ઘણા પશુઓને જીવાડેલા એ બચુભાઈએ (પ્રેમશંકરે) પણ જોયેલું. બચુભાઇ (હાલના શ્રી પ્રેમ અવધૂતજી)નું મૂળ નામ પ્રેમશંકર હતું પણ લાડનું નામ બચુભાઈ હતું.

બીજો મંત્ર વીંછી ઉતારવાનો હતો અને ત્રીજો મંત્ર કોઇ સ્ત્રીને પ્રસૂતિ થતી ન હોય તો સુખપૂર્વક પ્રસૂતિ થઇ જાય એ માટેનો હતો. જો કોઈને સમય થવા છતાં પ્રસૂતિ થતી ના હોય તો એના સંબંધી આવે અને પિતાશ્રી પાસે મંત્રાવીને જળ લઇ જતાં આ મંત્રેલું જળ લઇ જઇને ગર્ભવતી સ્ત્રી પર છાંટે એટલે અડધો કે એક કલાકમાં પ્રસૂતિ થઇ

જાય. તે બચુભાઈએ (પ્રેમશંકરે) નજરોનજર જોયેલું. આ ત્રણેય મંત્રના સારા પરિણામોનાં બચુભાઈ (પ્રેમશંકર) મૂક સાક્ષી છે.

હરિભાઈની મેલીવિદ્યાના પ્રયોગને કારણે અને એના પાપને કારણે આખા કુળનું નખ્ખોદ વળી ગયું. માટે કોઈએ મેલીવિદ્યામાં પડવું નહિ.

આ જ વ્યાસ કુટુંબના બીજા કે ત્રીજા નંબરના દીકરાનું નામ ભૂરાશંકર નાગરદાસ વ્યાસ હતું. એમની પત્નીનું નામ મેનાબા હતું. એમના અને બચુભાઈના બાપુજીના ઘરની વચ્ચે એક દિવાલ જ હતી. ભૂરાશંકરને સંતાન ન હતું. ભૂરાશંકર અભણ હતા પણ શિવ જેવા ભોળા હતા. તેઓ સરળ, સીધા અને સાદા હતા. આ દુનિયાના કાવાદાવાથી પર હતા. એમનું જીવન સાધુ જેવું હતું. એમના પત્ની મેનાબા એટલે ઉદારતાનો જાણે કે ભંડાર. એ જમાનામાં યજમાનવૃત્તિ અને ખેતી એમ બે જ ધંધા હતા.

હવે રાવલ કુટુંબમાં કોણ કોણ હતું તે જોઈએ. નથુરામ સાંકળેશ્વર રાવલ નામના ભૂદેવને ત્યાં ત્રણ દીકરા હતા. મોટા દીકરાનું નામ ગીરધરલાલ હતું. બીજા દીકરાનું નામ મગનલાલ હતું અને ત્રીજા દીકરાનું નામ કૃપાશંકર હતું. આ કૃપાશંકર એ બચુભાઈ (હાલના પૂ. પ્રેમ અવધૂતજી)ના પિતાશ્રી થાય.

કૃપાશંકર દોઢ (૧ ૧/૨) વર્ષના હતા ત્યારે એમણે પિતાનું શિરછત્ર ગુમાવ્યું. પિતાજીના મૃત્યુ પછી બીજા દોઢ

(૧ $^{૧}/_{૨}$) વર્ષ રહીને એટલે કે કૃપાશંકર ત્રણ વર્ષના હતા ત્યારે માતા મૃત્યુ પામ્યા. કૃપાશંકરે એકદમ નાની ઉંમરે માતાનો ખોળો અને પિતાનો ખભો ગુમાવ્યો. કૃપાશંકર સાત વર્ષના થયા ત્યારે સૌથી મોટા ભાઇ ગિરધરભાઇનું અવસાન થયું અને બીજા નંબરના ભાઇશ્રી મગનભાઇનું મૃત્યુ થયું ત્યારે કૃપાશંકરની ઉંમર ૧૧ વર્ષની હતી.

આમ અગિયાર વર્ષની નાની વયે કૃપાશંકર નોધારા બની ગયા. ઉપર આભ અને નીચે ધરતી હતી. કુટુંબમાં કોઇ જ ના રહ્યું. ઘરમાં ૧૮ મણ જવ, અડધા તોલાનું સોનાનું કડું અને માટીની દિવાલોનાં ઘર હતાં. થોડાંક વાસણો ને સત્તાવીશ વીઘા જમીન હતી. એટલે એમાંથી એ સમયમાં થોડીક આવક હતી.

કૃપાશંકર જે ઘરમાં રહેતા હતા તે ઘર સિવાય બીજા પાંચ ઘર હતાં. પરંતુ એ બધા ઘરો વડીલોએ લગ્ન તથા મરણોત્તર ક્રિયા (બારમું વગેરે)ના ખર્ચ કરવા માટે જૈનોને ત્યાં ગીરો મૂક્યા હતા. એટલે કે ગીરો વેચાણ કરેલા હતા.

આવા કપરા સમયે વ્યાસ ભૂરાશંકર અને મેનાબાએ હાથ પકડ્યો અને કહ્યું: “કિરપા! તું ચિંતા ન કર. અમે તને દીકરા જેવો ગણીશું. તું તારે ભણી લે.” ખરેખર, બોલ્યા પ્રમાણે એ બંનેએ કૃપાશંકરને દીકરા જેવો જ ગણ્યો અને સાચવ્યો.

કૃપાશંકર બાર વર્ષની ઉંમરે છઠ્ઠી પાસ થયા અને અઢારમા વર્ષે સામેત્રા ગામે ગુજરાતી શાળામાં શિક્ષક તરીકે જોડાયા. આ સામેત્રા ગામ લીંચથી નવ (૯) કિલોમીટર દૂર હતું. મહિને સાત રૂપિયા પગાર હતો. સવારે હાથે રસોઇ બનાવે, જમે અને પછી નોકરી કરવા ચાલતા જાય. નોકરી પૂરી થાય એટલે પાછા નવ (૯) કિલોમીટર ચાલીને લીંચ આવે. જાતે રાંધે અને જમે. સત્યના અતિ આગ્રહી. જૂ ઠું બોલે નહીં અને જૂ ઠું ચલાવે નહીં. હેડમાસ્તર સાથે ઘડિયાળના સમયને કારણે વિખવાદ થયો. કૃપાશંકરની ખિસ્સા ઘડિયાળ અને શાળાની દિવાલઘડિયાળના સમય વચ્ચે ફેર પડે. આ ફેર પડવાનું કારણ હેડમાસ્તર પોતે હતા. કૃપાશંકરની ખિસ્સાઘડિયાળ અને શાળાની દિવાલઘડિયાળ બંને વચ્ચે હેડમાસ્તર તફાવત રાખે. શાળાની દિવાલઘડિયાળ આગળ રાખે. પછી કૃપાશંકરને રોજ ટકોર કરે કે કેમ મોડા પડો છો? કૃપાશંકર કહે કે હું મોડો નથી, મારી ઘડિયાળ જુઓ. મારી ઘડિયાળ સાચો સમય બતાવે છે. હેડમાસ્તર કહે કે શાળાની દિવાલઘડિયાળનો સમય એ સાચો સમય છે.

આમ સમયની બાબતમાં એક વખત બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી (વિખવાદ) થઇ. કૃપાશંકરે મગજ ગુમાવ્યુ અને હેડમાસ્તરને માથામાં બૂટ મારીને ઘરે આવી ગયા. સરકારે વડાવલી ગામે બદલી કરી, જે લીંચથી સત્તાવીસ કિલોમીટર દૂર થાય. કૃપાશંકરે વડાવલી ગામે રહેવાનું શરૂ કર્યું. થોડો

સમય ગયો, એવામાં ડેપ્યુટી શાળા તપાસવા આવ્યા. કૃપાશંકરના વર્ગ (class)ને ખોટી રીતે ઓછા માર્કસ આપ્યા. સચ્ચાઈના આગ્રહી કૃપાશંકરનો મિજાજ ગયો. ડેપ્યુટીને ખુરશી મારી દીધી અને લીંચ આવી ગયા. નોકરીમાંથી રાજીનામું મૂકી દીધું.

શાળા છોડી દીધી. થોડા સમય પછી નોકરી કરવા મુંબઈ ગયા. મુંબઈમાં ચીમોડમાં મોટી પાંજરાપોળમાં દરોગા તરીકે વીસ રૂપિયામાં નોકરીએ રહ્યા. અહીં બે વર્ષ રહીને નોકરી કરી પણ તબિયત સારી ન રહેતી હોવાથી લીંચ પરત આવ્યા. લીંચમાં પાન-બીડીની દુકાન કરી. જાતે બીડી બનાવે અને વેચે. કટલરી સામાન પણ રાખે અને વેચે. ચા, અબીલ, ગુલાલ વગેરે રાખે. આવી સ્થિતિમાં લગ્ન કરવાનો કે થવાનો તો વિચાર જ ક્યાંથી આવે? જેનું કોઈ જ નથી તેને કન્યા આપે પણ કોણ? દુકાન સરસ ચાલે. યજમાનવૃત્તિ પણ ખરી. બીડીઓ રોજ ૧૫૦૦થી ૨૦૦૦ બનાવે. રોજ દોઢ-બે રૂપિયા કમાય વર્ષે-દહાડે ૫૦૦રૂા. દુકાનમાંથી, ૩૦૦રૂા. ખેતીમાંથી અને ૩૦૦રૂા. યજમાનવૃત્તિમાંથી મળે. આમ વાર્ષિક આવક ૧૧૦૦રૂા. જેટલી થાય.

મહાદેવના અઠંગ ઉપાસક. પૂજા કર્યા વિના પાણી પણ ન પીએ. આ શિવાલયમાં શિવલિંગની પ્રતિષ્ઠા ૪૫૦ વર્ષ પહેલાં અમારા વડવાઓએ કરી હતી. સંવત ૨૦૨૬ની મહાશિવરાત્રીએ દેવ થયા ત્યારે તેમની ઉંમર ૭૮ વર્ષની હતી.

આ સમયે મારી (બચુભાઈની) ઉંમર ૩૯ વર્ષની હતી. એટલે મારા કરતાં મારા પિતા ૩૯ વર્ષ મોટા હતા. મારે એક બહેન હતી. તેનું નામ યશોદા હતું. એનું લાડનું નામ સોમી હતું. એ મારાથી બે વર્ષ મોટી હતી.

મારા પિતાશ્રીના લગ્ન ખૂબ મોટી ઉંમરે થયા હતા. અંદાજે ૩૫ વર્ષની ઉંમરે એમના લગ્ન થયા હશે. એ જમાનામાં ૩૫ વર્ષ સુધી વ્યક્તિના લગ્ન  ન થાય એ અસામાન્ય વાત ગણાય. ભૂરાશંકર અને મેનાબા મારા બાપુજી (કૃપાશંકર)ના લગ્નની ચિંતા કરે. એ જમાનામાં લગ્નમાં સાટાનો રિવાજ હતો. સાટાનો રિવાજ એટલે દીકરી આપો અને દીકરી લઈ જાઓ. એટલે કે દીકરાને પરણાવનાર કે દીકરાની વહુ લાવવાની ઈચ્છાવાળાએ પોતાની દીકરી સામેના કુટુંબના કોઈ દીકરા સાથે પરણાવવી પડે. કૃપાશંકર તો એકલા અટૂલા. એમને બહેન તો હતી નહિ એટલે સાટાનો રિવાજ ક્યાંથી સંતોષે?

કૃપાશંકરને મા-બાપ નહિ, બહેન નહિ અને પૈસા પણ ખાસ નહિ એટલે લગ્નની વાત અટકી પડી હતી. ૩૫ વર્ષની ઉંમર થવાની તૈયારીમાં.  આ દરમ્યાન જોડેના જોટાણા નામના ગામે એક સિદ્ધ પુરુષ એવા સંત રહે. આ સંત સુવર્ણ સિદ્ધિ પણ જાણતા હતા. સંતનું નામ શાલીંગરામ મહારાજ. આ સંત પત્થર પર રામનામ લખી પાણીમાં તરાવતા હતા. જે મારા પિતાશ્રીએ જાતે જોયું હતું. આ શાલીંગરામ મહારાજ

જોટાણા ગામની બહાર તળાવના કિનારે આવેલા લક્ષ્મીનારાયણના મંદિરમાં રહે. ભૂરાશંકર અને મેનાબા મહિને-બે મહિને સંતના દર્શન કરવા જોટાણા જાય. એક વાર ત્યાં ગયા, દર્શન કર્યા અને પછી પૂછ્યું: "બાપજી! મારા કિરપાનું લગ્ન ક્યારે થશે?" કિરપો એટલે કૃપાશંકર. મહારાજ સ્વરોદયના જાણકાર હતા. એમણે સ્વરોદય જોઈને કહ્યું: "ઉત્તરસે આયેગા." આ સાંભળીને મેનાબા તો વિચારમાં પડી ગયા. એમને થયું કે અમારો બધો વ્યવહાર દક્ષિણ તરફ છે. ઉત્તર તરફ તો કોઈ વ્યવહાર જ નથી તો પછી ઉત્તરમાંથી તો કન્યા ક્યાંથી આવે? એમને થયું કે મહારાજને આમાં શું ખબર પડે?

જોટાણાથી દર્શન કરીને લીંચ આવ્યા. ઘરે આવીને સૂઈ ગયા. મેનાબા તો નિરાશ થઈ ગયા. આ તો બાર વરસે બાવો બોલ્યો તો બોલ્યો કે "જા બેટા દુકાલ પડેગા." મહારાજે ઉત્તર સે આયેગા કહ્યું એટલે લગ્નની કોઈ શક્યતા જ નહિ એવું એમને લાગ્યું.

બીજે દિવસે સવારે બ્રાહ્મણોના બીજા મહોલ્લામાં ઈશ્વરલાલ બેચરદાસ રાવલ લીંચ આવ્યા. આ ઈશ્વરલાલ અજમેર પાસે મઉની છાવણીની ટ્રેનમાં ગાર્ડ હતા. એમને એક દીકરી હતી. એનું નામ શાન્તાબેન. એના લગ્ન કરવાના હતા. આ ઈશ્વરલાલના બીજા ત્રણ ભાઈઓ નામે મોતીરામ, નથુરામ અને મોહનલાલ હતા. એમની સાથે દીકરી શાન્તાના

લગ્નની વાત કરી. લગ્નની ચર્ચાને અંતે બધાએ એવું નક્કી કર્યું કે શાન્તાના લગ્ન લીંચમાં જ કરવા અને એને કૃપાશંકર સાથે પરણાવવી. બધા ભાઈઓએ સવારે નક્કી કર્યું અને પછી આવ્યા મેનાબાના ઘરે. મેનાબાની પાસે આવીને વાત મૂકી કે અમારો વિચાર અમારી દીકરી શાન્તાને કૃપાશંકર જોડે પરણાવવાનો છે. અમારે પૈસા લેવા નથી પણ મારા એક દીકરાને પરણાવી આપજો. મેનાબાએ સંમતિ આપી દીધી. વાત પતી ગઇ. લગ્ન થઇ ગયું અને ભૂરાશંકર તથા મેનાબાને આનંદ આનંદ થઇ ગયો.

લગ્ન થયાં એના બે વર્ષ પછી શાન્તાબેને દીકરીને જન્મ આપ્યો. નામ પાડ્યું 'યશોદા'. લાડનું નામ 'સોમી' રાખ્યું. ભગવાનની કૃપાથી બે વર્ષ પછી કૃપાશંકરને ત્યાં પુત્રનો જન્મ થયો. પુત્રનું નામ પાડ્યું: 'પ્રેમશંકર'. અને લાડનું નામ રાખ્યું: 'બચુ'. પુત્રના જન્મ પછી શાન્તાબેનને કોઇ સંતાન ન થયું. આમ કૃપાશંકરને મોટી દીકરી અને નાનો દીકરો એમ બે જ સંતાન.

શાન્તાબેન ખૂબ જ ધાર્મિક. એમણે ત્રણ વર્ષની નાની ઉંમરે માતાનો ખોળો ગુમાવેલો. શાન્તાબેન ચાર વર્ષના થયા ત્યારે એમના પિતાએ બીજી વાર લગ્ન કર્યા. એ ઓરમાન માતા પણ મૃત્યુ પામ્યા. પોતાની સગી મા અને ઓરમાન મા બંનેને ગુમાવ્યા. એમના પિતાજી અજમેર પાસે મઉની છાવણીમાં ગાર્ડની નોકરી કરતા હતા. શાન્તાબેન જન્મ્યા

ત્યારથી નોકરીને કારણે પિતાજી સાથે જ રહેતા હતા. ઘરનો સઘળો ભાર સાત વર્ષની ઉંમરે શાન્તાબેન ઉપર આવી પડ્યો. અજમેર એટલે હિંદી ભાષાવાળો પ્રદેશ. આમ શાન્તાબેને વિકટ પરિસ્થિતિમાં બોજો સહન કર્યો પરંતુ પ્રતિકૂળ સંજોગોને કારણે ભણી ન શક્યા.

શાન્તાબેનને એક ભાઈ હતો. બંને સાથે મોટા થયા. ભણવાની ધગશ એટલી બધી કે શાન્તાબેને ઘરે રહ્યા રહ્યા અભ્યાસ કરીને ગુજરાતી ભાષાનું જ્ઞાન મેળવ્યું. ધીરેધીરે શ્રીમદ્ ભગવદ્ ગીતા વાંચવા લાગ્યાં. લીંચ પરણીને આવ્યા પછી તો- લીંચ ગામના તેમના મહોલ્લાના પિતરાઇ ભાઇ વડીલ ઉમિયાશંકરભાઇ પાસે વેદાંતનો અભ્યાસ કર્યો. વિચાર ચંદ્રોદય અને વિચાર સાગર જેવા ગ્રંથોનો અભ્યાસ કર્યો. શ્રીગુરુલીલામૃતના બસો (૨૦૦) જેટલા પારાયણ કર્યા અને શ્રીમદ્ ભાગવત્‌ના ૮ થી ૧૦ વાર પારાયણ કર્યા હતા.

મૂળે કૃષ્ણભક્ત. કનૈયો તેમનો ઉપાસ્ય દેવ. આમ મારા (બચુભાઈના) પિતા અઠંગ શિવભક્ત. તેઓ શિવ અને શક્તિના ઉપાસક અને માતા કનૈયાની અઠંગ ઉપાસક. 'એકો દેવો કેશવો વા શિવો વા' એવું ભર્તૃહરિએ કહ્યું પણ મને (બચુભાઈને) તો બંને દેવોની ભક્તિ મળી.

આ દરમ્યાન દાદા ઈશ્વરલાલ નિવૃત્ત થઈને લીંચ આવી ગયા. કૃપાશંકરે આપેલા વચન પ્રમાણે એમના સાળા નટવરલાલનાં લગ્ન કરાવી આપ્યા. શાન્તાબેનના લગ્ન પછી

લગભગ પાંચ વર્ષે એમના ભાઇના લગ્ન થયા. એ ભાઇના લગ્ન થયા ત્યારે શાન્તાબેનની દીકરી યશોદા લગભગ ત્રણ વર્ષની હતી અને બચુભાઇ નવ મહિનાના હતા.

મારી બાનું શરીર કસાયેલું. મહેનતકશ મહિલા. બે ભેંસો રાખેલી. બધું જ કામ જાતે કરે. દળવાનું, ખાંડવાનું, પાણી ભરવાનું કામ પોતે કરે. રોજ સવારે ચાર વાગે ઊઠે. ઘરનું બધું કામ પતાવીને ભેંસો માટે ચાર (લીલું ઘાસ) લેવા જાય. ચાર લઇને આવે પછી રાંધે. કપડાં ધૂવે. ભેંસને સવાર-સાંજ દોહવાનું તો ખરું જ. સાંજે પાછી ચાર લેવા જાય. વધેલું દૂધ મેળવે અને દહીં બનાવે. દર ત્રણ દિવસે દહીં વલોવીને માખણ બનાવે, છાશનો વારો આવે. તે દિવસે રોજ કરતાં એક કલાક વહેલું એટલે કે મળસ્કે ત્રણ વાગે ઉઠે.

બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને કૃષ્ણભક્તિમાં તલ્લીન થઇ મધુર કંઠે સુંદર પ્રભાતિયાં ગાય. એક દિવસ સાંજે ભેંસ દોહતાં હતાં ત્યારે એમની પાછળ-એમનો ઉપાસ્ય દેવ કનૈયો બાળક બનીને હાથમાં બંસરી લઇને ઊભેલો એમણે જોયો. બસ! આ દર્શન પછી તેમની રીતભાત-વર્તણૂંક બદલાઇ ગઇ. તે દિવસથી એ કંઇક જુદી જ લાગવા માંડેલી. જ્ઞાનની વાતો કરે. કશામાં મોહ ન હતો. બધા પર પ્રેમ હતો એટલે સાચા અર્થમાં સંન્યાસી હતી.

પિતાજી સત્યના અઠંગ આગ્રહી. મહેનત વગર કે હક વિનાનું કોઇનું લેવું નહિ એ એમનો સિદ્ધાંત. ગરીબ યજમાન

વધુ દક્ષિણા આપે તો લેતા નહીં અને આપે તો પરત કરી દેતા. આવી ઉચ્ચ કક્ષાની નીતિ હતી.

મારા પિતાશ્રી મને કહેતા: "ભાઈ! ભગવાનથી બ્હીવાનું, દુનિયાથી નહિ. કોઈ વધુ દક્ષિણા આપે તો ન લેતા." ગામમાં પ્રતિષ્ઠા ખૂબ જ મળેલી. સત્યના આચારવાળા આવા માતા-પિતાને ત્યાં આ શરીર આવ્યું. (મારો જન્મ થયો.) એક દીકરી અને એક દીકરો. એવો નાનો પણ પવિત્ર પરિવાર. મારા (બચુભાઈ) જન્મ પછી કોઈ સંતાન ન થયું.

મારી ઉંમર પાંચ વર્ષની હતી ત્યારે મારી બા ચાતુર્માસ કરે. ચાતુર્માસમાં બા પથારીમાં સૂઈ જાય. સાથે મને સૂવાડે. સૂતા સૂતા મને રોજ મીરાંબાઈ, નરસિંહ મહેતા અને ધ્રુવની વાતો કરે. આ વાતો સાંભળતા સાંભળતા હું ઊંઘી જતો. હજી પણ મને તે દિવસો, તે પથારી અને તે જૂનું ઘર એવું ને એવું જ યાદ છે. મને બધી વાતો ગમે પણ એમાં સૌથી વધુ ધ્રુવની વાત ગમે. એનું કારણ એ હતું કે હું પણ તે વખતે પાંચ વર્ષનો જ હતો.

એક દિવસ મેં મારી બાને પૂછ્યું: "બા! ધ્રુવની જેમ ભગવાન મને પણ દર્શન ના આપે?" બાએ કહ્યું: "કેમ ના આપે?" મેં પૂછ્યું: "ભગવાનના દર્શન કરવા શું કરવું પડે?" બાએ કહ્યું: "ધ્રુવની માફક તપ કરવું પડે અને ભગવાનના નામનો જપ કરવો પડે." મેં કહ્યું: "તપ કરવા તો કેવી રીતે

જાઉં? પણ તું મને મંત્ર આપ એટલે હું એનો જપ કરું.” એટલે મારી બાએ મને “ૐ નમો ભગવતે વાસુદેવાય” એ મંત્ર આપ્યો. બસ! મેં મંત્ર જપ શરૂ કરી દીધાં.

મારા બાપુજી ગોરખપુરથી ‘કલ્યાણ’ માસિક મંગાવે. આ જ અરસામાં એ કલ્યાણ માસિકમાં ધ્રુવનો તપ કરતો ફોટો આવ્યો હતો. આ ફોટામાં વિષ્ણુ ભગવાન ગરુડ પર બેસીને આવીને ધ્રુવના ગાલે શંખ અડાડે છે એવો ફોટો હતો. આ રંગીન ફોટો ખૂબ જ સરસ હતો. ફોટો મને ગમી ગયો. બાપુજીની બીકને કારણે તે ફોટો છાનોમાનો ચોરીને ફાડી લીધો. અને ઘરે બેસવાની મોટી પાટ (હાલ પણ છે) હતી તેની ચારે બાજુ કપડું વીંટાળી દીધુ અને તેની નીચે લાકડાની નાની પાટલી મૂકી તેની ઉપર ફોટો મૂકી દીધો. આ ફોટાની હું રોજ પૂજા કરતો. અંબાજી માતાના મંદિરમાંથી શંખ લાવીને ફૂંકતો. શંખ વગાડવાનું શીખેલો એટલે શંખ સરસ વગાડતો. થાળ ધરાવવા માટે ખાંડ જોઇએ. બા વઢે (લઢે) એવી બીક હતી એટલે બાને ખબર ન પડે એ રીતે છાનોમાનો એક રૂપિયાના વજન જેટલી (એક રૂપિયાભાર) ખાંડ લાવીને ધરાવતો. એ પ્રસાદ હું અને મારી મોટી બેન યશોદા ખાઇ જતા.

ભાઇ-બેન કોઇ વાર ઝઘડતાં પણ ખરા! પરંતુ ઘડી પછી એક થઇ જતાં. મારી બેનને મારા પર ખૂબ જ પ્રેમ હતો. આમ પણ બહેન જેટલો ભાઇને પ્રેમ કરે છે તેટલો પ્રેમ ભાઇ

બહેન પર રાખી શકતો નથી. હું પાંચ વર્ષનો થયો ત્યારે મને ભણવા મૂક્યો. નિશાળમાં મારું નામ પ્રેમશંકર કૃપાશંકર લખાવ્યું અને કૃપાશંકરના બાપુજી એટલે કે મારા દાદાનું નામ નથુરામ લખાવ્યું. દાદાનું નામ નથુરામ સાંભળીને મને આશ્ચર્ય થયું. મેં ઘરે આવીને પિતાજીને પૂછ્યું કે બાપુજી! તમારા પિતા તો ભૂરાશંકર છે. તમે નથુરામ કેમ લખાવ્યું?

મારા બાપુજીએ મને કહ્યું: “બેટા! ભૂરા ભા તો વ્યાસ છે અને આપણે તો રાવલ છીએ એટલે એવું જ લખાવવું પડે ને!” હું તો આશ્ચર્યમાં ડૂબી ગયો કે આ તે કેવા પાલક માતા-પિતા! આ બંને દિવ્ય આત્માઓ- ભૂરાશંકર અને મેનાબાને- કોટી કોટી વંદન હજો!!

હે દિવ્યાત્મા વાચકો! તમે વિચારી જુઓ કે હું પાંચ વર્ષનો થયો ત્યાં સુધી મને ખબર પણ ન પડવા દીધી કે તેઓ વ્યાસ છે. ધન્ય છે તેમને અને તેમના નિ:સ્વાર્થપણાને!

મારી પૂજા, મંત્રજાપ વગેરે ચાલુ જ હતાં. મારી અગિયાર વર્ષની ઉંમરે બિહારના સંત મળ્યા. આ સંત દર અધિક મહિનામાં આવે અને એક મહિનો રહે. સોની કુટુંબો, પટેલો, બ્રહ્મભટો (બારોટ) વગેરે તેમના શિષ્ય હતાં. હું શિષ્ય ન હતો પરંતુ એમના પ્રત્યે સદ્‌ભાવ હતો. જોટાણાવાળા સિદ્ધપુરુષ શાલીંગરામદાસજીના આ સંત શિષ્ય થાય. એમને લીંચમાં શિષ્યો રોજ જમાડે. રામજી મંદિરમાં મુકામ આપે એટલે ત્યાં રહે.

મને તો નાની ઉંમરથી સંતો ગમે એટલે હું તેમની પાસે ગયો. મને જોયો ને કહે: "બચ્ચુ! તું બડા હોનેવાલા હૈ! ઈતના દુબલા ન ચલે. ગૌ કા દૂધ પી ઔર તગડા હો જા. રોજ આધા ઘંટા ગાયત્રી કરના ઔર આધા ઘંટા સમાજકી સેવા કરના. એક ઘંટા રોજ ધાર્મિક પુસ્તક કા વાંચન કરના!" મારા પર એમને ખૂબ લાગણી હતી એટલે હું પણ સમય મળ્યે એમની પાસે રોજ જતો. બે કલાક બેસતો. સારી સારી વાતો કરે તે સાંભળતો. મારી ગુરુની શોધ તો ચાલુ જ હતી. કારણ કે મારે ભગવાનના દર્શન કરવા હતા.

આ બિહારી સંત શુદ્ધ ખાદીધારી હતા. તેઓ ઉત્તર બિહારના મૂંગેર જિલ્લાના નારેપુર (બછવારા) ગામના રહેવાસી હતા. ત્યાં નાના રામજી મંદિરમાં રહેતા હતા અને ત્યાંથી લીંચ આવતા. સ્વાતંત્ર્યની ચળવળમાં જ્યારે તેઓ પકડાયેલા ત્યારે ડૉ. રાજેન્દ્રબાબુ (ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ)ની સાથે જેલમાં રહેલા. સાચા અર્થમાં સંત હતા. ખૂબ જ વિદ્વાન પણ હતા. લીંચમાં એક મહિનો રહે ત્યારે એમના શિષ્યો એમને બસો રૂપિયા જેટલું ભંડોળ કરી આપે. કોઈ દર્શને આવે ને રૂપિયો-બે રૂપિયા મૂકે તો તરત લઈને ખલતામાં મૂકે. આ રકમનો તેઓ સદુપયોગ જ કરતા. આ રૂપિયાના ચણા-મમરા લઈને રાખી મૂકતા. રેલ સંકટમાં લોકો એક-બે દિવસ ઝાડ પર ચઢીને રહે ત્યારે એવા લોકોને ચણા-મમરા વહેંચે. દર વર્ષે બિહારમાં રેલ તો આવે જ છે.

એક વાર તેમને લકવો પડ્યો અને તેઓ લીંચ આવ્યા. તેમને હું માલીશ કરતો. લીંચથી જોટાણા જાય તો હું ત્યાં જઈને પણ માલીશ કરતો. લીંચથી જોટાણા આઠ કિલોમીટી થાય એટલે સાંજે ચાલીને જતો. રાત્રે માલીશ કરીને ત્યાં રોકાઇ જતો અને બીજે દિવસે સવારે લીંચ પાછો આવતો. મારી સાથે મારો મિત્ર રણછોડ પ્રજાપતિ પણ હંમેશાં આવતો. અમે બે સાથે જતા અને સાથે પાછા આવતા.

અગિયાર વર્ષે મેં ફાઇનલની પરીક્ષા પહેલા નંબરે પાસ કરી. મારી ઇચ્છા ઇંગ્લિશ ભણવાની હતી પણ મારા બાપુજી એની ના પાડે. એ જમાનામાં ફાઇનલની પરીક્ષા પાસ કરનારને હાઈસ્કૂલમાં સીધા ચોથા ધોરણમાં (Fourth Standard)માં દાખલ કરતા એટલે ચાર વર્ષમાં મેટ્રિકની પરીક્ષા આપી શકાય અને મેટ્રિક થઇ જવાય. મેટ્રિક એટલે આજનું એસ.એસ.સી. ગણાય. મેટ્રિક થઇએ એટલે સ્કૂલનું શિક્ષણ પૂરું થાય અને કોલેજમાં પ્રવેશ મળે.

મારા પિતાજી અંગ્રેજી (English) ભણવાની એટલા માટે ના પાડતા કે એમને એવો ડર હતો કે અંગ્રેજીનું શિક્ષણ લઉં- ઇંગ્લિશ ભણું તો હું નાસ્તિક બની જાઉં અને નોકરી સ્વીકારીને નોકરી કરતો થઇ જઉં. એમને મન ‘બ્રાહ્મણ એટલે મહારાજ. એ વળી કોઇની નોકરી ના કરે, કોઇનું દાસત્વ ના સ્વીકારે.’

પિતાજી પાસે સત્તાવીસ (૨૭) વીઘા જમીન હતી. ઘણી યજમાનવૃત્તિ હતી. એક દુકાન હતી. એટલે એમને એમ હતું કે મારો દીકરો એકનો એક છે પછી તે નોકરી શા માટે કરે?

તેર વર્ષની ઉંમરથી પંદર વર્ષની ઉંમર દરમ્યાન જમાનાની હવા સ્પર્શી ગયેલી. અત્તર લગાવવાનું ગમે. કોક વાર સિનેમા જોવા પણ જઉં. તે વખતે મોટા ભાગે ધાર્મિક સિનેમાઓ જ હતા. રામરાજ્ય, શકુંતલા, સતી અનસૂયા, સંત તુલસીદાસ વગેરે. પરંતુ “સિનેમા: મનોરંજન યા વિનાશકા સાધન” એ લેખ વાંચ્યો. એ લેખ ગોરખપુર કલ્યાણ નામના માસિકમાં હનુમાનપ્રસાદ પોદ્દારનો લેખ આવેલો તે મેં વાંચેલો અને એ વાંચતાની સાથે જ સોળ વર્ષની ઉંમરે સિનેમા જોવાનું છોડી દીધું. તે ઉંમર દરમ્યાન પણ ધાર્મિક વિચારોનું પ્રભુત્વ તો હતું જ.

મને અંગ્રેજી ન ભણવા દીધું અને એના વિકલ્પે મારા પિતાજીએ મારા નાના ઈશ્વરલાલ, મારા પિતાજીના પાલક પિતા ભૂરા ભા, ગામના બીજા બે વડીલો અને મારા મામા વગેરેને ભેગા કરી એક મિટિંગ કરી અને નક્કી કર્યું કે બચુને સંસ્કૃત ભણાવીએ. એ દરમ્યાન બે વર્ષ હું દુકાને પણ બેસતો અને બીડી પણ બનાવવા લાગતો. સાથે સમયનો સદુપયોગ કરીને મેં ગાયત્રી મંત્રના સવા લાખનું એક એવા બે પુરશ્ચરણ

કર્યા. ત્યાર પછી પણ સવા લાખ ગાયત્રી મંત્રનું પુરશ્ચરણ કર્યું હતું. આમ કુલ ત્રણ પુરશ્ચરણ કર્યા હતા.

દુકાને બેસુ અને બાપુજીને મદદ કરું. સંવત ૨૦૦૨માં એટલે કે સને ૧૯૪૬માં મને વસઇ (ડાભલા) સંસ્કૃતની પાઠશાળામાં ભણવા મૂક્યો. કુલ સિત્તેર (૭૦) વિદ્યાર્થીઓ હતા. જે પૈકી અગિયાર વિદ્યાર્થીઓ બહારગામના હતા. બહારગામના વિદ્યાર્થીઓને રહેવાનું, ખાવાનું બધું મફત હતું પરંતુ ત્યાં રહીને અભ્યાસ કરવાનું ઘણું કપરું હતું.

એક તો જાતે રસોઇ બનાવવાની. સવારે દૂધ, ચા કે બીજું કંઇ પણ પીવા ન મળે. સવારે આઠ વાગે પાઠશાળામાં જવાનું. આઠથી અગિયાર પાઠશાળાનો સમય. અગિયાર વાગે પાછા આવીને રસોઇ બનાવતાં બાર વાગી જાય. બાર વાગે જમવાનું. અગિયાર જણ વચ્ચે અધોળ (૨૨ ગ્રામ) ઘી જોખીને આપે. ખાવામાં તુવેરની દાળ અને રોટલી જ. ભાત અને શાકનો તો કોઈ વિચાર જ નહિ કરવાનો. એ તો કોઈ દિવસ મળે જ નહિ. એક જ રૂમમાં અગિયારે અગિયાર વિદ્યાર્થીઓ રહે. ફાનસના પ્રકાશે વાંચવાનું. સાંજે જમવામાં અગિયાર જણ વચ્ચે સવા લીટર દૂધ આપે. સાંજે રોટલા અને મગ ખાવા મળે. ઘી ન મળે. બારે મહિના એક જ સરખો ખોરાક.

શાસ્ત્રી થવાય એ હેતુથી મેં વ્યાકરણ રાખ્યું પરંતુ એમાં ઘણા વર્ષો જાય એટલે બાપુજીએ ના પાડી અને પુરોહિત

થવાય એવું ભણવાનું કહ્યું. પિતાજીની આજ્ઞા સ્વીકારી અને એ પ્રમાણે ભણવા રહ્યો પણ ખરો. પરંતુ ભગવાનની ઈચ્છા કંઈ જુદી જ હતી. રસોઈ કરનારા બે વિદ્યાર્થીને ખૂબ જ વેદના થાય એવી ફોડલાવાળી ખસ થઈ. એ લોકો રાંધે એટલે એમનો ચેપ બધાને લાગ્યો. અગિયારે અગિયાર જણ ફોડલાવાળી ખસમાં સપડાયા. મારા બાપુજી મને લીંચ ઘરે સારવાર માટે લઈ આવ્યા. ખસ મટતાં છ મહિના થયા. પછી ભણવાનું બંધ અને ઘરે અભ્યાસ શરૂ કર્યો. પાનસર જઈ પૂ. મહાશંકર કાકા પાસેથી બધુ ભણ્યો અને કર્મકાંડ કરાવતો થયો. મારા મામાએ રુદ્રી, મહિમ્ન અને હારમોનિયમ શીખવાડ્યું.

સંવત ૧૯૯૮ની વૈશાખી પૂનમે મારી મોટી બહેન યશોદાનું લગ્ન રાજપુર મુકામે રહેતા અંબાલાલ પુરોહિતના દીકરા વિષ્ણુપ્રસાદ સાથે થયું. લગ્ન સમયે બહેનની ઉંમર ચૌદ (૧૪) વર્ષની હતી અને બનેવી વિષ્ણુપ્રસાદની ઉંમર અઢાર (૧૮) વર્ષની હતી.

મારી અગિયાર (૧૧) વર્ષની ઉંમરે સંવત ૧૯૯૮ના મહા માસમાં મારી સગાઈ થયેલી. સગાઈ થયા પછીના ત્રીજા જ મહિને વૈશાખી પૂનમે બહેનના લગ્ન થયાં.

સંવત ૧૯૯૮ના પાછલા સમયમાં ભૂરાભાને લકવો પડ્યો. મારા બાપુજીએ છ મહિના એમની રાત-દિવસ સેવા કરી- જે મેં જોઈ છે. સારી રીતે સેવા થઈ શકે એટલા માટે છ મહિના દુકાન બંધ કરેલી. ભૂરાભાને ખ્યાલ આવી ગયેલો

કે તેઓ હવે જીવશે નહીં એટલે એમણે મારા બાપુજીને કહ્યું: "કિરપા! હું તને મારી પાંત્રીસ (૩૫) વીઘા જમીન અને આખો મહોલ્લો આપું છું. તેં મારી ખૂબ જ સેવા કરી છે." મારા બાપુજીએ કહ્યું: ભા! મારે એક જ દીકરો છે. સત્તાવીસ (૨૭) વીઘા જમીન છે, સારી એવી યજમાનવૃત્તિ છે, દુકાન વગેરે ઘણું છે. મારે તમારું કાંઇ ન જોઇએ. મારું જ મને ભગવાન ખાવા દે તોય ઘણું. તમે મને ૧૧ વર્ષની ઉંમરથી સંભાળ્યો, સાચવ્યો અને બધી રીતે સુખી કર્યો એનો બદલો તો હું ક્યારેય વાળી શકું નહીં. મારે તમારી પાસેથી કોઇ પણ પ્રકારનો બદલો લેવો નથી. મારી ફરજ હતી ને મેં કર્યું છે એમાં મેં કોઇ ઉપકાર કર્યો નથી.

ભાએ ઘણો આગ્રહ કર્યો છતાં મારા બાપુજીએ માન્યું નહીં અને કંઇ પણ લેવાની ના કહી ત્યારે એમણે કહ્યું કે જો બચુને જનોઈમાં મારું સાડાનવ (૯॥) વીઘાનું ખેતર હાથ ગઈણામાં આપું છું. મારા બાપુજીએ એ પણ ના પાડી અને કહ્યું કે મારે કાંઇ ના જોઈએ એટલે કાંઇ જ ના જોઈએ. આમ કહ્યું એટલે ભૂરાભાએ છેલ્લો દાવ અજમાવ્યો અને કહ્યું કે જો એરૂનું અર્ધુ ખેતર વાંટાના પટેલ ચેલાભાઇ તુલસીદાસને ત્યાં ૫૦૦ (પાંચસો) સીકાઇ રૂપિયામાં ગીરો છે તો તે ખેતર તું ૫૦૦ રૂ. માં છોડાવીને રાખી લે અને અર્ધુ ખેતર બચુને જનોઈમાં આપું છું એટલે તને મફત લીધું એવું ન લાગે. ભૂરાભાની આપવાની અંતરની જે ઇચ્છા હતી તેની આગળ

બાપુજીએ નમતું જોખવું પડ્યું અને એ રીતે એ જમીન લીધી જે અત્યારે 'અવધૂત કુટિર'ના નામે ઓળખાય છે. મારા બાપુજીની નિ:સ્વાર્થ સેવાનો ભાવ જોઈને એરુ ખેતર સેવાના બદલામાં મળેલું.

મારા બાપુજીની અંત:કરણના સાચા ભાવથી કરેલી સેવાના બદલામાં મળેલા આ ખેતરનો ઉપયોગ ભગવાન રંગાવધૂતજીની કુટિર તરીકે થયો. પિતાએ વારસામાં મને કેવળ ખેતર ન આપ્યું પણ સાથે સાથે નિ:સ્વાર્થ સેવા કરવાની વૃત્તિ મારામાં જગાવી દીધી. આ જ ધરતી પર મારી સેવા સ્વીકારવા માટે સાક્ષાત્ ભગવાન રંગાવધૂતજી પધાર્યા ત્યારે પિતાજીની નિ:સ્વાર્થ સેવાનું અપૂર્વ ફળ મને મળ્યું. પ.પૂ. રંગાવધૂતજી નારેશ્વરથી દ્વારકા રંગજયંતિ કરીને લીંચ પધાર્યા ને સેવા જોઈને ખૂબ પ્રસન્ન થયા ને લીંચને ડાકોરની ઉપમા આપી.

ઈ.સ. ૧૯૬૨માં દ્વારિકાથી લીંચ પધારેલા ત્યારે 'અવધૂત કુટિર'માં બનાવેલી ગુફા જોઈને બોલ્યા કે તું બોડાણાની માફક મંતર માર કે હવે મારે અહીંથી ક્યાંય જવું ન પડે. મેં કહ્યું: "બાપજી! મારા અંતરમાં શું છે તે આપ જાણો જ છો!" બાપજીએ તરત જ કહ્યું: હા, મને ખબર જ છે!" એમ કહીને સીડીના પગથિયા ચડવા લાગ્યા. અમારી લીંચની સેવાથી એટલા બધા પ્રસન્ન થયા કે અંગત માણસોને જાહેર કરતાં કહ્યું હતું કે જો ગુજરાતમાં શરીર

છોડીશ તો લીંચમાં જ છોડીશ અને એમ પણ કહ્યું હતું કે મારી છેલ્લી સેવા લીંચમાં જ થશે.

બાપજી ૧૯૬૨માં લીંચમાં આઠ દિવસ રોકાયા. ખૂબ પ્રસન્ન થયા. દત્તજયંતી કરીને જવાના હતા પરંતુ કાશીબેન આફ્રિકાવાળા આવ્યા અને દુરાગ્રહ કરીને નડિયાદ દત્તજયંતી માટે લઈ ગયા. એ સમયે ચીન અને ભારત વચ્ચે લડાઇ ચાલતી હતી. આ કારણે દત્તજયંતીનો ઉત્સવ ના થાય તેથી ખીચડી-કઢી કરી સાદાઈથી દત્તજયંતી ઉજવવાનું નક્કી કર્યું અને મન વગર (ન મને) નડિયાદ પધારી ગયા.

સને ૧૯૬૨માં સતાધારથી બીલખા અને બીલખાથી વિસાવદર ભિક્ષા લઈને વીરપુર ગયા. ત્યાંથી વીરમગામ સ્ટેશન માસ્તરને ત્યાં રાત રોકાઈ સવારે લીંચ પધાર્યા હતા. લીંચમાં એક અઠવાડિયું એકલો સેવામાં હતો. આ પછી સને ૧૯૬૩માં કુંભારિયામાં મને એક મહિનો સાથે રાખ્યો. સેવામાં હું એકલો જ હતો. મારી સેવા જોઈને પ્રસન્ન થતા જ ગયા.

સને ૧૯૬૪માં દશેરાએ પૂ.શ્રીને પક્ષઘાત થયો. આ વાતની મને ખબર ન હતી. પૂ.બાપજી આરામ માટે એક મહિનો અજમેર ગયા હતા. મને માસ્તરકાકાએ (જગજીવન માસ્તરે) લખેલું: “જગ્યા કહેવાની મનાઈ છે પણ તમારા સ્ટેશન આગળથી જ બાપજી ગયા છે અને તબિયત સારી નથી, પક્ષાઘાત છે.” હું શિસ્તમાં માનું એટલે મનાઈ હોવાથી તપાસ ન કરી કે પૂ.શ્રી કયાં ગયા છે?

તા. ૨૩/૧૨/૧૯૬૪- બુધવારે અજમેરથી પત્ર આવ્યો: "રવિવારે તેડવા આવી જાવ, આરામ માટે આવું છું."

આ પહેલા બાપજી સાથે રહેવાનો મોહ તથા શરીર પ્રત્યે દિવ્યાકર્ષણ પણ ખરું. મધ પર બેઠેલી માખી જેવું થયું હતું. માખી મધ પર બેસે પછી ઊડી જ ના શકે તેમ મારું મન પણ રંગ અવધૂત પાસેથી ખસતું જ ન હતું. પણ સંસારી જીવ, ધંધો-ખેતી વિગેરેની જવાબદારી એટલે પૂ.શ્રી સાથે રહેવાય નહીં. પૂ.શ્રી સાથે તનથી રહેવાનું શક્ય ન હતું એટલે મનથી રહેવાનું શરૂ કર્યું. માનસિક જોડાણ કર્યું. આ માનસિક જોડાણના પ્રતાપે બાપજી મને સંદેશો આપતા અને પછી દૂરદર્શન પણ કરાવતા. તેમનું જે કાંઇ વિશિષ્ટ બન્યું હોય તે મને રાત્રે સ્વપ્નમાં દેખાય જ.

બાપજીએ શરીર છોડી દીધું પછી પણ હજી સમાચાર તો આપે જ છે. બાપજી જેવા બ્રહ્મનિષ્ઠો શરીર છોડે છે પણ તેમની ચેતના અહીં પરમતત્ત્વ સાથે એક થઈને સર્વમાં સમાઈ ગઈ હોય છે.

સને ૧૯૬૪ની ડિસેમ્બરની ૨૭મીની રાત્રે અજમેરથી મહેસાણા થઇ ભાવનગર મેલમાં લીંચ સ્ટેશને ઉતારી ઘોડાગાડીમાં લીંચ કુટિર પર લાવ્યા. અઢાર દિવસ રહ્યા. તબિયત ઘણી જ સારી થઇ. બાપજી એવું બોલતા કે "બચુભાઈની હોસ્પિટલમાં આવ્યા છીએ, હવે એમણે જે કરવું હોય તે કરે." કોઇ કહે કે "બાપજી! બચુભાઇનું ભલું

થજો કે અમને આપના દર્શને લાવ્યા અને અમને આપનો લાભ મળ્યો ત્યારે કહે કે હજારોનું પુણ્ય હોય ત્યારે અવાય છે અને પરમાત્મા કોઈને નિમિત્ત બનાવે છે.” મારા મનમાં અભિમાન ન જાગે તે માટે એવું કહેલું.

૧૯૬૪-૬૫માં લીંચમાં આંબા નીચેની બેઠકમાં બેઠેલા તે વખતે લીંચની ત્રણ બ્રહ્મભટ્ટ (બારોટ) બેનોના નિમિત્તે લીંચનું નામ ‘નાનું નારેશ્વર’ પાડેલું.

સને ૧૯૬૫ની ૧૪મી જાન્યુઆરી ને ગુરુવારે ઉત્તરાયણ કરી પતંગ ઉડાડ્યો. ગાયોને ઘાસ, ગરીબોને અનાજ તથા બાળકોને સ્લેટ-પેન વગેરે વહેંચ્યું. ૧૫મી જાન્યુઆરીને શુક્રવારે રાણપુર ગયા. એ દિવસે કુટિરેથી નીકળતાં બાપજીએ ભોગીમામાને કહ્યું કે આ સ્થાન દિવ્ય છે અને ઉત્તરોત્તર દિવ્યોત્તમ થશે. વધુ તો શું લખાય? એ તો અંતર્યામી છે.

જ્યારે જ્યારે બાપજીને ઢીંચણે વા આવ્યો હોય, મૌન હોય અને માસ્તર કે મોદીકાકાનું કંઈક ખોટકાઈ ગયું હોય ત્યારે કુદરતી રીતે જ મારે નારેશ્વર જવાનું થતું અને ત્યારે મને અંગત સેવામાં રાખતા.

સને ૧૯૬૬ની કાનની બિમારી વખતે પણ હું તેર (૧૩) દિવસ શાંતિનિકુંજમાં બાપજીની સેવામાં હતો. બંને જણ મટકું ય માર્યા વિના આખી રાત અને દિવસ જાગતા.

પૂ.માજીને રોજ કહે: “હું ઊંઘતો નથી ને આને ઊંઘવા દેતો પણ નથી.” માસ્તર (જગજીવનદાસ ગાંધી)ને લુખસ થયેલી. એટલે આવે ખરા પણ કોઈ વસ્તુને અડકવાનું નહિ. પરિણામે બધી જ જવાબદારી મારી રહેતી.

કુટુંબ સાથે નારેશ્વરમાં મહિનો રહેવાય એ રીતે જતો. મારા માતુશ્રી પૂ.માજીની સેવામાં અઢી (૨ ૧/૨) વર્ષ રહેલાં. બ્રાહ્મણ હોવાથી છેલ્લે નર્મદાજળ એમણે પાયેલું. તેમજ છેલ્લામાં છેલ્લું નર્મદાજળ બાપજીએ પૂ.માજીના મોંમાં મૂકેલું. મારી બાની સેવાથી બાપજી ઘણા જ પ્રસન્ન હતા. મારા પર બાપજીની કૃપા હોવાનું એક કારણ મારા માતુશ્રીએ પૂ.માજીની કરેલી સેવા પણ ખરી.

પૂ.માજી બ્રહ્મલીન થયા પછી બાપજી માજીની ઉત્તરક્રિયા કરવા માટે મોરટક્કા ગયા. ઉત્તરક્રિયા કર્યા પછી બાપજી નૈમિષારણ્ય, બ્રહ્માવર્ત વગેરે સ્થળોએ રોકાઈને સને ૧૯૬૭ના એટલે કે સંવત ૨૦૨૩ના ભાદરવા વદ તેરસને દિવસે બાપજી લીંચ પધારેલા. આ વખતે બાપજી બાવીસ દિવસ રહ્યા હતા. લીંચથી જ કાશીબેનના આગ્રહને કારણે આફ્રિકા પધારેલા. લીંચના બાવીસ દિવસના મુકામ દરમ્યાન મને કહે કે હવે હું લીંચ જ રહેવાનો છું. કોઈ બોલાવે તો તું અને હું જઈને પાછા લીંચ આવી જઈશું. નારેશ્વર એક મહિનો જવાનું અને ફરતા ફરતા લીંચ પાછા આવી જવાનું એમ કહેતા.

આફ્રિકાથી પાછા વળતાં લીંચ આવું છું એમ કહેલું. લીંચ આવવાનું નક્કી કરવા માટે મને વડોદરા અલકાપુરી બોલાવ્યો. પછી પોર બોલાવ્યો અને છેલ્લે આસો સુદ બારસના રોજ નારેશ્વર બોલાવ્યો. પૂ.માજીની તિથિનો હિસાબ સોંપ્યો અને આસો સુદ ચૌદસના રોજ હું લીંચ ગયો.

શરદપૂર્ણિમાના રોજ ગ્રહણ હોવાથી પૂ. બાપજી ગ્રહણનું સ્નાન કરીને મળસ્કે રબર ટાયરની ગાડીમાં બેસી નારેશ્વર રોડ સ્ટેશને ગયા. ત્યાંથી શિવાભાઇ વૈદ્યની સાથે નડિયાદ ગયા. મને બાપજીએ દિવાળી પહેલા લીંચ આવવાનું ગોઠવવા માટે બોલાવેલો એટલે હું નડિયાદ ગયેલો. નડિયાદથી અરેરા થઈને કપડવંજ ગયા. મને એમણે કારતક સુદ ચોથને શુક્રવારે કપડવંજ બોલાવ્યો હતો કારણ કે બાપજીનું લીંચ જવાનું બંધ રહ્યું હતું. એટલે બાપજીની બધી વસ્તુઓ લઇને કપડવંજ પહોંચી ગયો. ત્યાં જઇને બધી વસ્તુઓ મેં સુમનભાઇને આપી એટલે તરત જ બાપજી બોલ્યા: “પેલુ આંબળાનું ચાટણ-ચ્યવનપ્રાશ છે તે તું સાબરમતી આવે ત્યારે લેતો આવજે.” મેં બાપજીને તરત જ કહ્યું કે એ તો હું સાથે જ લાવ્યો છું. આ સાંભળી બાપજી ખૂબ પ્રસન્ન થયા અને સુમનભાઇને કહે: “ગુરુના મનમાં જે આવે ને કરે તે પ્રથમ કક્ષાનો શિષ્ય, ગુરુ કહે તે કરે એ બીજી કક્ષાનો શિષ્ય અને ગુરુ કહે તોય ન કરે તે થર્ડ કલાસ.” આ વાત પાછળથી સુમનભાઇએ મને કહી હતી. પછી બાપજીએ

હરિદ્વાર જવાનું કહ્યું. મને પૂછ્યું: "તું આવીશ?" મેં હા કહી. એટલે એમણે કહ્યું કે જો રતિભાઇ નહીં આવે તો તને બોલાવીશ.

મેં કહ્યું: "બાપજી! લીંચમાં તો આપ પધારો છો તેવું વાતાવરણ અને તૈયારી છે. રોજ પાણી ભરીને પણ મૂકીએ છીએ" એટલે કહે કે એક દિવસ માટે લીંચ આવું તો ટીચામણી થાય એટલે તમે બધાં લીંચથી સાબરમતી તમારી બેનના ઘરે આવો. ત્યાં રાત રોકાઇ જજો. મારો આપેલો વાયદો પણ પૂરો થાય અને ટીચામણી ન થાય." "કરિષ્યે વચનમ્ તવ"માં માનનારો હું, 'જે કહે તે મંજૂર!' કહીને ગયો. બાપજી માટે તૈયાર કરેલી બધી જ વસ્તુઓ લીંચથી લઇને પચાસ (૫૦) માણસો લીંચથી નીકળ્યા. રાત સાથે રહ્યા અને સવારે લકઝરી બસમાં બાપજીની સાથે બેસીને વિમાનઘર (Airport) પર ગયા. બાપજીને વિમાનમાં મૂકીને પાછા લીંચ પહોંચી ગયા. બીજે દિવસે રંગ જયંતી ઉજવેલી.

સંવત ૨૦૨૫ની કારતક સુદ સાતમને રવિવાર ના રોજ બાપજી કપડવંજથી નડિયાદ થઇ સાંજે સાબરમતી આવ્યા. બીજે દિવસે એટલે કે આઠમના રોજ સોમવારે જયપુર ગયા અને મંગળવારે કારતક સુદ નોમના રોજ જયપુરમાં ૭૧મી રંગ જયંતી ઉજવી. જયપુરથી દિલ્હી ગયા અને ત્યાંથી હરિદ્વાર ગયા. હરિદ્વાર તેર (૧૩) દિવસ રહ્યા અને કારતક વદ ચૌદશ ને મંગળવારના રોજ લીલા સંકેલી લીધી.

બિમાર પડીશ તો લીંચ આવીશ એવો મને વાયદો કર્યો હતો. વાયદો કરીને ન આવ્યા એનું મને ભારે ખોટુ લાગ્યું અને હું રિસાયો. રિસ એવી કે મને જવાબ આપો. આવીશ કહીને કેમ ન આવ્યા? ખાવાનું છોડી દીધું. લીંબુનું પાણી અને એમાં મધ લેતો. કોઇક વાર ગોળનું પાણી લેતો. આ રીતે અઢાર દિવસના ઉપવાસ થયા. અઢારમે દિવસે રાત્રે અઢી વાગે સ્વપ્ન કે જાગ્રત કે તંદ્રામાં આવીને- એકલો લંગોટ પહેરીને તે બારણામાં ઊભા રહ્યા અને બોલ્યા: "લીંચમાં શરીર છોડવાનું એટલે પ્રાણ પૂરવાનો હોય, હાડકાં પાડવાનાં નહીં. જે મેં પ્રાણ તો પૂર્યો જ છે." એકસો બાવીસ (૧૨૨) એકસો બાવીસ (૧૨૨) બોલ્યા અને મારી આંખ ખૂલી ગઇ.

આંખ ખૂલતાં જ જોયું તો રાત્રિના અઢી વાગ્યા હતાં. જાગીને બેઠો થયો અને વિચાર્યું કે શ્રીગુરુલીલામૃતના એકસો બાવીસમા અધ્યાયનો એકસો બાવીસમો દોહરો વાંચવાનું સૂચન છે. રાત્રે હાથ-પગ ધોઇને શ્રીગુરુલીલામૃત લીધું. એકસો બાવીસમા અધ્યાયનો એકસો બાવીસમો દોહરો વાંચ્યો. દોહરો હતો:

"કારણ કે જનદૃષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,
તોયે સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર."

તે પછી આગળ જે બાપજીના ભાખેલા ભવિષ્ય મુજબ બને છે તે સર્વ સર્વને વિદિત જ છે. માટે લખવું અસ્થાને છે.

બાપજી લીંચ કુલ ચાર વખત પધારેલા. એક વખત ભોગીમામાના ખેતરમાં અને ત્રણ વખત કુટિરે. બધુ થઈને કુલ પર (બાવન) દિવસ રહેલા. સંવત ૨૦૧૭માં આગળની કુટિર બનાવી અને સંવત ૨૦૧૯માં બાપજી દ્વારિકાથી રંગજયંતિ કરીને લીંચ પધારેલા. સંવત ૨૦૨૧માં એટલે કે ઈ.સ. ૧૯૬૪-૬૫માં અજમેરથી આરામ કરવા પધારેલા. તે વખતે ૧૮ દિવસ રહેલા ને ત્યાંથી રાણપુર પધારેલા. સંવત ૨૦૨૩માં મોરટક્કા માજીની ઉતરક્રિયા કરી નૈમિષારણ્ય અને બ્રહ્માવર્ત થઇ લીંચ પધારેલા. તે વખતે ૨૨ દિવસ રહેલા. એટલે કે ૪ + ૮ + ૧૮ + ૨૨= કુલ પર દિવસ રહેલા.

ઈ.સ. ૧૯૫૭માં સંવત ૨૦૧૪માં લીંચ પધારેલા ત્યારે માગસર વદ ૧૦(દશમ)ને સોમવારે લીંચ મારે ઘરે પધારેલા ત્યારે અનાજ, ગાયોને ઘાસ, કબૂતરોને જુવાર, દીકરીઓ દ્વારા સ્વાગત-તેમને પ્રસાદી, ગરીબોને કાપડ વગેરે આપેલું. બાપજી ખૂબ પ્રસન્ન થયેલા. ત્યાંથી સીધા જ ડૉ. રતિભાઈને ત્યાં ગયેલા. બાપજી આગળની કુટિરમાં વધુ રહેલા, જે તેમને ખૂબ જ ગમતી હતી. જૂની કુટિર, ખુલ્લુ બાથરૂમ હાલ છે તેનો ઉપયોગ કરતા. બાપજી આવતા ત્યારે તેમનું રસોડું, અમારે રહેવાનું અને સામાન મૂકવાનું કંતાનથી બાંધતા. કુટિરની પાછળ સો ફૂટ દૂર કંતાનનુ જાજરૂ સુંદર બનાવતા, તેમાં બાપજી જતા હતા. ત્યાં અમે અગતબત્તી

કરતા ને સ્વછચ્છતા રાખતા. બાપજીને સ્વચ્છતા બહુ જ ગમતી. અમે જાજરૂ જાતે જ સાફ કરતા હતા. જાજરૂમાં અગરબત્તી કરેલી જોઈને મને પૂછ્યું; "જાજરૂમાં ય અગરબત્તી કરી છે?" મેં કહ્યું: "બાપજી! અમારા માટે તો આ પણ મંદિર છે." અત્યારે પણ પાછળની નવી કુટિરે રોજ જાજરૂમાં પુષ્પ-ફૂલ મૂકીએ છીએ. રૂમાલ, લંગોટ, પીવાનું પાણી, આંખ ધોવાનું ત્રિફળાનું પાણી વગેરે રોજ મૂકાય છે. સવાર-સાંજ પ્રાર્થના થાય છે.

રંગ જયંતી, પુણ્યતિથિ, શ્રી દત્તજયંતી, મહાશિવરાત્રી-મારા બાપુજીની તિથિ અને ગુરુપૂર્ણિમાના પાંચ ઉત્સવ થાય છે. સંવત ૨૦૨૩માં બાપજી લીંચથી આફ્રિકા ગયેલા તે વખતે હાલ જે સ્મૃતિ સંગ્રહની રૂમ છે તેમાં મૂકેલી બધી જ વસ્તુઓ બાપજીએ એવું કહીને રાખેલી કે હું આવીશ એટલે વાપરવા થશે.

શાહીબાગ, અમદાવાદ રેલ્વે ફાટકની પાસે લાંઘણજવાળા ચંદુભાઈ રાવલ પાદુકા લાવેલા તે બાપજીએ મને આફ્રિકા જતા લીંચ મૂકવા (રાખવા) આપેલી, જે હાલ નવી કુટિરમાં છે. નવી કુટિરની ઉપરની રૂમ પાછળથી બનાવેલી એટલે ઉપરની રૂમમાં શું મૂકવું તે વિચાર આવ્યો ને જાણે બાપજી કહે કે "નાનું નારેશ્વર" નામ મેં પાડ્યું છે તો નારેશ્વરની પ્રતિકૃતિ બનાવીને દર્શનમાં મૂકવી. તે મોડેલ લીંચના રમણભાઈ સુથાર અને તેમના સ્નેહીઓએ બનાવ્યું છે.

કુટિરે ઔદુંબર છે તે પૂ. બાપજીએ ૧૯૬૫ની ૧૫મી જાન્યુઆરીને શુક્રવારે સવારે નવ વાગે રાણપુર જતાં જલસિંચન કરેલું. ઔદુંબરની જોડે પીપળો છે તે મારા બાપુજીની અને તુલસી છે તે મારા માતુશ્રીની સ્મૃતિમાં રોપેલ છે. તે બંનેનો અગ્નિદાહ ત્યાં આપેલા હતા. રોજ બધાની પૂજા અમારા બાળકો કરે છે. નવી કુટિરની સામેની જે બે રૂમ છે તે પ્રસાદ વિગેરે મુકવા માટેની છે. જે આંબા નીચે બેઠક છે તે આંબો મારા બાપુજીએ વિ.સં. ૧૯૯૩ સને ૧૯૩૭માં રોપેલો. જેને બાપુજી, હું અને મારી બેન પાણી પાતા. બીજા આંબા હતા પણ આ જ આંબો હવે રહ્યો છે કે જ્યાં બાપજી દર્શન દેવા માટે બેસતા હતા.

ઈ.સ. ૧૯૬૫માં સાંજે પાંચ વાગે બાપજી આંબા નીચે બેઠક પર બેઠેલા હતા. દર્શન કરવા માટે લોકોની લાઈનો લાગેલી. એક તરફ પુરુષો બેસે અને બીજી તરફ બહેનો બેસે. તેવામાં લીંચની ત્રણ બ્રહ્મભટ્ટ (બારોટ) બહેનો દર્શને આવી. ઉંમર ૭૫ વર્ષ ઉપર હશે. નામ બઈબાફોઈ, સમજુફોઈ અને ઝેકવોચ્મા. ત્રણેય સાથે દર્શને આવ્યા. શિયાળાનો દિવસ એટલે આંબા નીચે સ્હેજ અંધારૂ થઈ ગયેલું. ત્રણેયને બાપજીના મુખના દર્શન થાય એટલે નજીક આવ્યાં પણ ઉંમરલાયક બહેનો એટલે આંખે ઓછુ દેખાય. ગામડાનુ ભોળપણ, નિખાલસતા અને સરલતા એટલે બાપજી આગળ શી રીતે અને કેવું બોલાય તે ખબર જ નહીં! ત્રણેય

સહજતાથી બોલ્યાં: "બાપજી! તમારુ મોઢું તો દેખાતું નથી તો જરા આઘા આવો ને!" બાપજી પણ એટલી જ સહજતાથી તેમનો ભોળપણનો શુદ્ધ ભાવ જોઈ ઓટલા પરથી સહેજ ખસીને આગળ આવ્યા. મોઢું ત્રણેય બહેનો તરફ કરીને માંથુ નજીક લઈ ગયા ને ત્રણેય બહેનો એકી સાથે બોલી, "હાશ બાપા! હવે તમારુ મોઢું બરાબર દેખાયું!" બાપજીનું હૃદય ગામડાના લોકોની સરલતાનો ભાવ જોઈ દ્રવી ગયું. બાપજીની જમણી તરફ નજીક જ હું બેઠેલો હતો ત્યાં મારા તરફ જોઈને બાપજીએ મને કહ્યું, "જે લોકો પૈસા અને ઉંમરના કારણે નારેશ્વર ન જઈ શકે તેના માટે આ નાનું નારેશ્વર. તેવા લોકો અહીં આવે તો તેમને નારેશ્વર જવાનું ફળ મળે."

જેવી રીતે કોઈ બદ્રિનારાયણ ન જઈ શકે તે નર્મદા કિનારે બદ્રિનારાયણની જગ્યાએ જઈને દર્શન કરે તો તેને બદ્રિનારાયણ જવાનું ફળ મળે. તેવી રીતે નારેશ્વર ન જઈ શકે તે લીંચ આવીને દર્શન કરે તેને નારેશ્વર જવાનું ફળ મળે. પછી બાપજી શાંત બેઠા.

બાપજીને પગે દુ:ખાવાને કારણે જાજરૂમાં બેસવાની તકલીફ હતી. એટલે તેના માટે ફરતુ કમોડ છેક મોરટક્કા જઈને આપી આવેલો. તે કમોડ આફ્રિકા લઈ ગયા હતા. અને ત્યાંથી આવ્યા પછી મને લીંચ સ્મૃતિ માટે આપેલું, જે હાલ સ્મૃતિસંગ્રહમાં છે.

બાપજીને ગોપાલ (ગોવાળીયા)નો વેશ શરદપૂર્ણિમાએ સાંજે પહેરાવેલો. હાથમાં લાકડી પણ રાખેલી. જે તેઓ લીંચ સ્મૃતિમાં મૂકીને ગયા છે. બાપજી માટે મેં કોડીઓની ટોપી બનાવેલી તે બાપજીને પહેરાવી ત્યારે તેઓ બોલેલા: “અમારી કિંમત કોડી જેટલી જ બસ!” બધા હસી પડેલા. બાપજી જેટલા દિવસ લીંચ રહેતા તેટલા દિવસ આખા ગામમાં ઉત્સવ જેવું થતું. કુટિરની બહાર પ્રસાદ, ચા, નારિયેળ વિગેરેની દુકાનો લોકો બનાવતા. સવાર-સાંજ અડધો- અડધો કલાક બાપજી ફરતા. કુટિરથી ચાલે ને મુખ્ય દરવાજા સુધી આવતા. ત્યાં આવીને કહેતા કે બાઉન્ડ્રી આ ગઇ, ચલો ને હસી પડતા અને હસાવતા. રસ્તાની બંને બાજુ અગરબત્તીઓ રાખતા, તેથી સુંદર લાગતું હતું.

બાપજી ભિક્ષામાં ઘઉંની ભાખરી, મગની દાળ, શાકભાજી, દહીં, છાશ લેતા. મરચુ, હીંગ, ગળપણ વિગેરે લેતા ન હતા. સાદુ જીવન, સાદુ ભોજન, સાદાઇથી રહેતા હતા. સવારે દૂધ લેતા. બપોરે છાશ કે જે ફળનો રસ હોય તે લેતા. સાંજે દૂધ, ફ્રૂટ એવું જે મલે તે લેતા. જે હોય તેનાથી ચલાવી લેતા, અમુક જોઇએ જ તેવું ન હતું.

બ્રહ્મભટ્ટ મૂળજીભાઇ
બ્રહ્મભટ્ટ પ્રતાપભાઇ
બ્રહ્મભટ્ટ હરગોવનભાઇ
બ્રહ્મભટ્ટ જયંતિભાઇ
બ્રહ્મભટ્ટ ચીનુભાઇ
બ્રહ્મભટ્ટ ખોડાભાઇ
પ્રજાપતિ રણછોડભાઇ
પ્રજાપતિ ગંગારામભાઇ
પ્રજાપતિ ડાહ્યાભાઇ
પ્રજાપતિ મફતલાલ
પ્રજાપતિ ભીખાભાઇ વી.
પ્રજાપતિ ભીખાભાઇ આઇ.
પ્રજાપતિ વિરચંદભાઇ
રબારી મફાભાઇ
સોની નરોત્તમભાઇ
સોની ડૉ. ભોગીલાલ
સોની પીતામ્બરભાઇ
સોની ડાહ્યાભાઇ
મહેતા બચુભાઇ
શાહ ધુળાભાઇ

પટેલ બળદેવભાઈ

પટેલ પ્રહ્લાદભાઈ

પટેલ અંબાલાલભાઈ કે.

પટેલ દેવચંદભાઈ ખો.

પટેલ કરશનભાઈ ખો.

ભાવસાર સોમાભાઈ

નાયી સોમાભાઈ

દરજી બબાભાઈ

ઠાકોર બબાજી

ઠાકોર છગુજી

ઠાકોર બાપુજી

ઠાકોર હીરાજી

સુથાર રમણભાઈ

સુથાર ગણપતભાઈ

ઘાંચી યાકુબભાઈ

રાવલ નટવરલાલ

રાવલ કાંતિલાલ

રાવલ જગન્નાથભાઈ

રાવલ ગંગા મા પરિવાર

રાવલ ભોગીભાઈ મામા

સર્વ ભૂદેવ પરિવાર

ઠાકોરભાઈઓ

સર્વ પાટીદાર ભાઈઓ

સર્વ બ્રહ્મભટ્ટ ભાઈઓ

સર્વ સુથાર ભાઈઓ

સર્વ પ્રજાપતિ ભાઈઓ

સર્વ દરજી ભાઈઓ

સર્વ નાયી ભાઈઓ

સર્વ કડિયા ભાઈઓ

સર્વ હરિજન ભાઈઓ

સર્વ રોહિત સમાજના ભાઈઓ

તથા જગુદણ, મેવડ, દીતાસણ, કોચવા, ભેંસાણા, અંબાસણ, બોરીયાવી, ભાસરીયા, દીવાનપુરા, આંબલિયાસણ, સેઢાવી તથા સર્વ ભક્તોનો સાથ સહકાર ઘણો રહ્યો ભૂલાય તેમ નથી તેમને યાદ કરવો જ રહ્યો. ગુરુમહારાજ સર્વનું શ્રેય કરશે.

ૐ

## ભજન : ૧

# આ લીંચ તે ડાકોર

આ લીંચ તે ડાકોર, રંગરાજા શ્રીરણછોડ.
ભક્ત ભાવના દેખી દોડ્યો, વિઠ્ઠલ-નંદકિશોર. ...આ લીંચ.

સેવાના સુંવાળા બંધન, સ્વીકારે છે રુકમાનંદન,
લીંચ જાણ '**મિનિ નારેશ્વર**' એ રંગાના બોલ. ...આ લીંચ.

દ્વારિકાથી પ્રભુ પધાર્યા, **બચુભાઈને**[1] કહેવા લાગ્યાં,
'બોડાણા સમ મંતર મારો, સુવું તાણીને સોડ'. ...આ લીંચ.

ભક્ત[2] પૂછે 'પ્રભુ હશો ન જયારે, શાંતિ કાજ જવું ક્યાં અમારે?'
લીંચ જજો ત્યાં શાંતિ મળશે એ રંગાનો કોલ. ...આ લીંચ.

હરિદ્વારમાં રતિભાઈને[3], રંગ પૂછે શું આપું એને?
ભલું કરે ભગવાન જ એનું, દે આશિષ અમોલ. ...આ લીંચ.

રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો,
**રંગ-પ્રેમ** તો **કુલીનગણુ**ની કાળજડાની કોર. ...આ લીંચ.

❖

---

૧. હાલના પૂ. પ્રેમ અવધૂત. ૨. ડૉ. શ્રીરામ ભોંસલે. ૩. ડૉ. રતિભાઇ પંડ્યા.

## ભજન : ૨

# જાગો જાગો હે રણછોડ રાયા!

જાગો જાગો હે રણછોડ રાયા!
રંગ ભક્તો સૌ મંદિરિયે આવ્યા. ...ટેક.
તારા પ્રેમની લગાડી તેં માયા. ...રંગ.

તમે ડાકોરના ઠાકોર ગણાઓ,
તમે રાજા મહારાજા મનાઓ,
જાગો જાગો જશોદાના જાયા. ...રંગ.
(ધૂન: ગોવિંદ જય જય ગોપાલ જય જય)

તમે દ્વારિકાથી ડાકોર આવ્યા,
તમે રણછોડરાય કહેવાયા,
તમે સવા વાલ વાળીથી તોલાયા. ...રંગ.
(ધૂન: ડાકોરમાં કોણ છે? રાજા રણછોડ છે)

સૂણો **પાપીગણુ**ના કાલાવાલા,
જાગો જાગો હો નંદજીના લાલા,
પ્રભુ જાગ્યા ને ભક્તો હરખાયા. ...રંગ.
(ધૂન: શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે)

❖

# પ.પૂ. રંગ અવધૂત ગુરુમહારાજના
# લીંચ(મીની નારેશ્વર) મુકામ અંગે માહિતી

| મુકામ | સાલ | સંવત | તિથિ | કેટલી રાત્રી? | ક્યાંથી આવ્યાં? | ક્યાં ગયા? |
|---|---|---|---|---|---|---|
| પ્રથમ | 1957 | 2014 | માગ. વદ 7 થી માગ. વદ 10 | 3 | વીસનગર | સરખેજ |
| દ્વિતીય | 1962 | 2019 | કા. વદ 13 થી માગ. વદ 5 | 8 | સતાધાર | નડિયાદ |
| તૃતિય | 1964-1965 | 2021 | માગ. વદ 9 થી પો. સુદ 12 | 19 | અજમેર | રાણપુર |
| ચતુર્થ | 1967 | 2023 | ભા. વદ 9 થી આ. વદ 2 | 22 | બ્રહ્માવર્ત | આફ્રિકા |

પ્રથમ મુકામઃ ૧૯૫૭ ભોગીમામાના ખેતરમાં.

પછીના ત્રણેય મુકામ અવધૂત કુટિર, લીંચ.

# નાનું ને નાનકડું લીંચ તીર્થધામ

નાનું ને નાનકડું લીંચ તીર્થધામ,
અવધૂત શ્રીરંગનું ગોકુળીયુ ગામ,
પ્રેમ-કૃપા-શાંતિનો હોય જ્યાં મુકામ.
...અવધૂત શ્રીરંગનું.

ભલા ભોળા માનવીના હૈયામાં પ્રેમ છે,
રંગ કેરા ચરણોમાં યોગ અને ક્ષેમ છે,
હાથે રંગ કામ અને મુખે રંગ નામ.
...અવધૂત શ્રીરંગનું.

રંગ કહે લીંચ મીની નારેશ્વર જાણો,
રંગે પૂર્યા પ્રાણ વાત સાચી એ માનો,
**પાપીગણુ** લીંચ એ તો તારો વિશ્રામ.
...અવધૂત શ્રીરંગનું.